# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 60 ❖ Issue : 07 ❖ Pages : 48 ❖ January 2025 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## ઉદાર દિલ દાતા શ્રી જતીનભાઈ પટવા અને શ્રી અતુલભાઈ સંઘવીની ઉદ્દાત ભાવનાઓ...

આપણા શ્રી ઝાલાવાડ સંઘના વેગવંતા વિકાસમાં આપણા સમાજનાં અનેક સંનિષ્ઠ કાર્યકર્તાઓ, શ્રેષ્ઠીશ્રીઓ, દાતાશ્રીઓના ઉમદા સહયોગ ઉલ્લેખનીય રહ્યા છે. તેમાં પણ દાતાશ્રીઓ હંમેશા અગ્રેસર રહીને ઉદારદિલે દાનની સરિતા વહેવાવી સમાજ ઉત્કર્ષ માટે ઉમદા સહયોગ આપતા રહ્યા છે.

હાલમાં આપણા સમાજના આવા જ એક ઉદારદિલ દાતા લીંબડી નિવાસી હાલ કાંદિવલી સ્થિત શ્રી જતિનભાઈ ચંદુલાલ ચત્રભુજ પટવા આપણા વચ્ચેથી વિદાય લઈને અનંતની યાત્રાએ ચાલ્યા ગયા છે. આજે સમાજને આવા ઉદારદિલ દાતાની ખુબજ ખોટ સાલે છે. આપણા સમાજને એક ઉત્તમ દાતા સ્વરૂપ ઉદારદિલ સાળા – બનેવી એવા શ્રી અતુલભાઈ સંઘવી અને શ્રી જતીનભાઈ પટવાની જોડી આજે ખંડિત થતા ઉદાસીનતા છવાઈ છે. શ્રી અતુલભાઈ નગીનદાસ સંઘવીના બહેન શ્રી શૈલાબેન જતિનકુમાર પટવાનું કેન્સરની બીમારીથી અવસાન થતા શ્રી ઝાલાવાડ સંઘના સામાન્ય પરિવારને જો આવી પરિસ્થિતિનો સામનો કરવામાં આવે તો તેઓની શું પરિસ્થિતિ થાય ? આ વિચારે શ્રી અતુલભાઈ સંઘવી ખુબજ વ્યથિત થયેલ. આપણા ઝાલાવાડ ફાઉન્ડેશનની **'કેન્સર કેર યોજના'**ના મુખ્યદાતા તરીકે શ્રી શૈલાબેન જતિનકુમાર પટવા નામથી ઉત્તમ લાભ લઈ ઝાલાવાડ ફાઉન્ડેશનનાં ૮ માર્ચ ૨૦૨૪નાં કાર્યક્રમમાં શ્રી અતુલભાઈએ રૂા.૩૬ લાખનું માતબર રકમનું યોગદાન આપી પોતાની ઉદાત ભાવના વ્યક્ત કરી હતી.

માતુશ્રી પુષ્પાબેન નગીનદાસ સંઘવીના પુત્ર શ્રી અતુલભાઈ સંઘવી સ્ટોક ટ્રેડીંગ અને ઈન્વેસ્ટમેન્ટના બીઝનેશથી સારી નામના પ્રાપ્ત કરવા સાથે આર્થિક ઉન્નતિ થતા છેલ્લા થોડા સમયમાં ઝાલાવાડ ફાઉન્ડેશન અને શ્રી ઝાલાવાડ મંડળ અંધેરીમાં માતબર રકમનું યોગદાન આપી સમાજ સેવા ક્ષેત્રે સુંદર લાભ લઈ પુણ્યનું ભાથું બાંધેલ છે. શ્રી જતિનભાઈના અરિહંત શરણ થયેલ તેમના આત્મશ્રેયાર્થે ૩ વર્ષ સુધી (વર્ષ ૨૦૨૫-૨૬-૨૭) માં દર વર્ષના રૂા.૩ લાખ મુજબ ત્રણ વર્ષનાં રૂા.૯ લાખનું યોગદાન શૈક્ષણિક ક્ષેત્રે આપણા ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટને આપી ઉચ્ચતમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

શ્રી સંઘવી પરિવાર અને શ્રી પટવા પરિવાર આપણા ઝાલાવાડ સમાજ માટે હંમેશા ઉચ્ચતમ ભાવના પ્રગટ કરતા રહ્યા છે. પટવા પરિવારના લઘુબંધુ સ્વ. શ્રી જતિનભાઈની આકસ્મિક વિદાયથી આપણા સમાજને ન પૂરાય તેવી ખોટ પડેલ છે.


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

**યુનીક જવેલર્સ** (TM)

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

|| શ્રી બાહુજિન સ્વામિને નમઃ ||

|| શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી.વિ.નેમિ -ઉદય-મેરુપ્રભ-માનતુંગ-ઇન્દ્રસેન-સિંહસેન સૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમો નમઃ ||

|| શ્રી શાંતિનાથાય નમઃ ||

|| શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કલાપુર્ણ-કલાપ્રભ-કલ્પતરૂસૂરિ ગુરુભ્યો નમઃ ||

# લીંબડી નગરે

ૐ પુણ્યાહં, પુણ્યાહં... પ્રિયન્તામ્, પ્રિયન્તામ્...



સાવરે સોના ના હારા મંદિરીયા બંધાવું...

ૐ પુણ્યાહં, પુણ્યાહં... પ્રિયન્તામ્, પ્રિયન્તામ્...



**શ્રી બોર્ડીંગ જિનાલય કે જે હવે તિર્થ સ્વરૂપ લઈ રહ્યું છે તેમજ શ્રી લીંબડી નગરે જ્યાં મહાવિદેહની ઝાંખી કરાવતાં પુનઃનિર્મિત એવા શ્રી બાહુજિન સ્વામિ નૂતન જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા બાદની ૧૭મી સાલગીરી શ્રી ધ્વજારોહણ પ્રસંગે પધારવા લીંબડી જૈન શ્વે. મુ. પુ. સંઘનું ભાવભર્યું**

# આગોતરું આમંત્રણ

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીના જણાવ્યા મુજબ બંને જિનાલયનો વિગતવાર કાર્યક્રમ પત્રિકા વિ. હવે પછી જણાવવામાં આવશે. બહારગામ રહેતા લીંબડીના વતની તથા આદેશ લેનાર ભાગ્યશાળી વિ.. ને એડવાંન્સ ટીકીટ બુક કરાવવા માટે આયોજન અર્થે આગોતરું આમંત્રણ છે.

આપ સર્વેને યાદ અપાવી એ કે લીંબડી નગરે જિનલયોની આવનાર સાલગીરી ની તારીખ આપ સૌ નોંધ કરી રાખશો, જેથી સમયસર આપ મહોત્સવમાં હાજર રહી શકાય....

**શ્રી બોર્ડીંગ - શ્રી શાંતિનાથસ્વામી જિનાલય**

**સાલગીરી સંવત ૨૦૮૧, મહા સુદ-૧૦, તા.૭-૨-૨૦૨૫ શુક્રવાર**

**શ્રી બોર્ડીંગ નું જિનાલય ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહેલ છે તિર્થ સ્વરૂપને ધારણ કરશે.**

**મહાવિદેહ ક્ષેત્ર ની યાદ અપાવતું શ્રી બાહુજિન સ્વામી જિનાલય ૧૮મી સાલગીરી**

**સંવત ૨૦૮૧, ફાગણ સુદ-૨, તા.૧-૩-૨૦૨૫ શનિવાર**

બંને જિનાલય ના ત્રિદિવસીય મહોત્સવ રહેશે. અઢાર અભિષેક, બાહુજિન દાદાના જિનાલયની ૧૭મી ધ્વજા તથા નૂતન દેવકુલિકાના શિખરે ધ્વજા તથા આગળ વર્ષ (૨૦૮૨)ના ચડાવા-આદેશ વિ... દરેક ભાગ્યશાળી ને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. લાભાર્થી પરિવાર ની ખૂબ ખૂબ અનુમોદના સહ દરેકને જય જિનેન્દ્ર.... વિશેષ જાણકારી માટે નીચે આપેલ નં. ઉપર સંપર્ક કરવો.

PADMAVATI XEROX & GRAPHICS

ફાગણ સુદ-૧૩ ને બુધવાર ના રોજ શ્રી સિધ્ધાચલ તિર્થ છ ગાંવ યાત્રા ના દિવસે લીંબડી-કચ્છ વાગડ મિત્ર મંડળ દ્વારા આયોજિત યાત્રા પાલ માં પધારવા માટેનું પણ આપ સર્વેને નિમંત્રણ છે.

**મુંબઈ**

સંજયભાઇ ઘડિયાળી : ૯૮૨૧૪૬૦૧૦૬ મનીશભાઈ : ૯૩૨૦૦૦૧૭૧૧

નિરવભાઈ કોઠારી : ૯૮૨૦૦૪૧૩૩૮ સુધીરભાઈ શાહ : ૯૩૨૩૬૯૯૦૪૧

મુકેશભાઈ શાહ : ૯૮૬૯૦૪૦૧૫૦ પરેશભાઈ શાહ : ૯૮૧૯૩૦૧૨૯૮

**અમદાવાદ**

ધનેશભાઈ : ૯૪૨૬૬૬૦૬૭૪

સત્યમભાઈ : ૯૪૨૬૦૧૩૪૮૯

**લીંબડી**

રવિભાઈ : ૯૮૨૫૨૨૪૪૯૧

હિતેશભાઈ : ૯૮૨૪૫૧૦૬૭૫

**નિમંત્રક : શ્રી લીંબડી શ્વે.મુ.જૈન સંઘ (આ. ક. પેઢી) - લીંબડી**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ
શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**

## તંત્રી સ્થાનેથી....

વર્ષ ૨૦૨૫ની શરૂઆત થઈ ગયેલ છે. આપણા સમાજ સંઘ, અને ફાઉન્ડેશન, ઝેડ.બી.એફ. અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, પરા મંડળો, મહિલા મંડળો અને યુવા મંડળોના અનેકવિધ પ્રવૃત્તિઓ વિતેલ વર્ષમાં ધમધમાટ રહ્યો.

શ્રી સંઘના મુરબ્બી વડીલોએ સેવેલા સ્વપ્ના હાલના સંચાલકોએ પૂર્ણ કર્યા. શ્રી સંઘની માલિકીની ઓફીસ, યાત્રિકભવન બ્લોક, ભોજનશાળા રિનોવેશન અને ફાઉન્ડેશનમાંથી સહાય મેળવતા પરિવારોને માતબર રકમની આર્થિક મદદ, સાધારણ પરિવારના કોલેજમાં ભણતા સંતાનોની ટોકન રકમ લઈ લેપટોપ વિતરણ, ઝેડ.બી.એફ. તલાશ, દાંડીયા રાસગરબા અને ધંધાકીય – શેરબજારને લગતા વક્તા દ્વારા માર્ગદર્શનનું આયોજન, ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી માસ્ટર ડીગ્રી માટે લોન અને માર્ગદર્શન શીબીરનું આયોજન વગેરે પ્રવૃત્તિઓ, દાનવીર દાતાઓનો આર્થિક યોગદાનથી શક્ય બન્યું છે.

વીશ વર્ષ બાદ સમાજ સમર્પિત વ્યક્તિ વિશેષ પ્રતિભાને **'સમાજરત્ન'** અને **'સમાજગૌરવ'** એવોર્ડ આપવાના કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી છે. સમાજના અંદાજે ૧૫૦૦ આમંત્રિતો, મહેમાનોની હાજરીમાં જૈન સમાજના અગ્રગણ્યો, શ્રેષ્ઠીઓ દ્વારા **'પદ પ્રદાન'** સમારોહનું આયોજન થશે.

### શું વાંચશો ? આ અંકમાં...

★ સમૂહ લગ્ન અહેવાલ + ફોટા – કરિયાવર ભેટની યાદી ★ ફાઉન્ડેશનની પ્રવૃત્તિ – અહેવાલ ★ પરામંડળો, મહિલા મંડળા, યુવા મંડળ અહેવાલ ★ ઝેડ.બી.એફ. શરદોત્સવ – વેલ્થ ક્રીએશન – શીબીર/સેમીનાર સમાચાર અહેવાલ ★ ભગીની મિત્ર મંડળ – દીકરીનું ઘર – પાલીતાણા ફોટા અહેવાલ ★ ઝાલાવાડ ઓનલાઈન સગપણ સેતુ ★ ચૈત્રમાસ નવપદજી આયંબીલ ઓળીનું ફોર્મ + સૂચના ★ જન્મદિવસ + લગ્નદિવસની શુભેચ્છા ★ મહિલા સ્વરોજગાર ★ શુભ વેવિશાળ ★ વ્હાલાની વસમી વિદાય વેળાએ.



## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

**આયોજિત**

**સમૂહ લગ્નના કાયમી પ્રેરકદાતાઓ**

**શ્રીમતી શાંતાબેન બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર (કોઠ નિવાસી, હાલ ઘાટકોપર)**

**તથા**

**શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર (ખેરવા-જનતા નિવાસી હાલ સાયન)**

**જમણવારના કાયમી પ્રેરકદાતાઓ :**

**શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર (કોઠ નિવાસી, હાલ ઘાટકોપર)**

**તથા**

**શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનસી શાહ પરિવાર (ઘોલેરા નિવાસી, હાલ મુલુંડ)**

# ૮૫માં સંયુકત સમૂહલગ્નનો અહેવાલ

**કન્વીનરઃ વિપુલ પ્રાણલાલ બગડીયા**

આપણા શ્રી સંઘ તરફથી છેલ્લા ૪૬ વર્ષથી નિયમિત રૂપે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. મુંબઈ સ્થિત વિવિધ જૈન સમાજમાં સમૂહલગ્ન પ્રથાની શરૂઆત કરનાર આપણો સંઘ આજે ૪૬ વર્ષથી સમાજ સેવાનું આ કામ ખૂબજ સારી રીતે - સમયને અનુરૂપ ફેરફાર સાથે કરી રહેલ છે. એક સમય હતો કે સામાન્યમાં સામાન્ય પરિવાર પણ સમૂહલગ્નની પ્રથામાં સામેલ થવા બે વખત વિચાર કરતો હતો. ત્યારે આપણા શ્રી સંઘે સમાજને જાગૃત કરવા પ્રશંસનીય પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

શરૂઆતમાં વર્ષમાં બે વાર જરૂર પડી ત્યારે વર્ષમાં ત્રણ વખત સમૂહ લગ્નનું આયોજન કરી શકનાર શ્રી સંઘ છેલ્લા લગભગ ત્રણેક વર્ષથી એક વખત સમૂહ લગ્નનું આયોજન સંઘની કાંદીવલી (પૂર્વ)માં આવેલ દામોદર વાડી ખાતે કરે છે. આ સમૂહ લગ્નના માંડવાના વધુમાં વધુ એકજ લગ્ન પ્રસંગે ૨૨ નવદંપતિઓ પણ જોડાયા છે. શ્રીસંઘ તરફથી ૨૫મા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન મુલુંડ ખાતે અને ૫૦માં સમૂહ લગ્નનું આયોજન ગોરેગામના એન.એસ.ઈ.ના હોલમાં કરવામાં આવેલ. ૭૫માં સમૂહલગ્ન વખતે સાંજના સત્કાર સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગની સમૂહ લગ્નના માંડવે ૧૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

આવા સમૂહ લગ્નોની હારમાલાની ૮૫મી કડીરૂપે, ૮૫માં સમૂહલગ્નનું આયોજન સંવત ૨૦૮૧ના માગસર વદ-૭ ને રવિવાર તા.૨૨-૧૨-૨૦૨૪ના દિવસે કાંદીવલી (પૂર્વ)માં આવેલ દામોદરવાડીના ગ્રાઉન્ડના મંડપમાં કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં ત્રણ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડી નવજીવનની શરૂઆત કરી હતી.

વહેલી સવારે ૮.૧૫ કલાકે ત્રણે દિકરીઓના મંડપરોપણનું માંગલીક કાર્ય ગોરમહારાજનાં મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું. કન્યાપક્ષના મહેમાનો કમિટી સભ્યો તથા કાર્યકર્તાઓ માટે સવારના ૮.૦૦ થી ૯.૩૦ વાગ્યા સુધી ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક કપલ દીઠ ૫૦ પાસ કોઈપણ જાતના ચાર્જ વગર આપવામાં આવ્યા હતા. સમાજ શ્રેષ્ઠીઓ દાતાઓ - કમિટી સભ્યો - ટ્રસ્ટીશ્રીઓ તથા પદાધિકારીઓને પણ આમંત્રણ આપ્યા હતા. લગભગ ૫૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. બંન્ને વરરાજાના વરઘોડો બેન્ડબાજા સાથે કાઢ્યો હતો. વરરાજાઓ પોતાના સગા-સ્નેહી અને મિત્રો સાથે ડાંસ-રાસ-ગરબા સાથે સામૈયા સાથે પધારતા આપણી દામોદર વાડીના મુખ્ય ગેઈટ ઉપર પોંખણાવિધિ સમયે રાખવામાં આવી હતી. પરંતુ પોંખણાવિધિ સમયે સભ્યો તથા આપણા કાર્યકર્તાઓ માટે ચહા-પાણી અને વેલકમ ડ્રીંકમાં પેરૂ - પાઈનેપલના મસાલેદાર શરબત દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે કોડભરી કન્યાઓએ જ્યારે તેના ભાવી ભરથારની ગ્રીવામાં પુષ્પમાળા પહેરાવી ત્યારે અદ્‌ભૂત વાતાવરણ નિર્માણ થયું હતું. પોંખણાવિધિ પૂરી થતા જ બંન્ને વરરાજા પોતપોતાના મંડપમાં બિરાજમાન થયા હતા. વાતાવરણ ખરેખર ઉમંગભર્યું હતું. ગોર મહારાજના ''કન્યા પધરાવો સાવધાન''ના અવાજ સાથે જ બન્ને કન્યાઓને - વ્હાલસોયી દીકરીઓને તેમના વહાલા મામા સાથે લઈ મંડપ પધાર્યા હતા. આ વખતે લગ્નગીતોની ખૂબજ મધુર કંઠ ગવાયેલ લગ્નગીતોની સીડી સુમધુર સ્વરમાં વાગી રહી હતી. મંડપમાં કન્યાઓની પધરામણી થતાંજ બંન્ને વરરાજા પોતાની ભાવી જીવનસંગિની સાથે હસ્તમેળાપની ઘડીની ઈંતેજારીમાં ઉંચા-નીચા થઈ રહ્યા હતા.

આપણા સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ ઉપસ્થિત રહી જરૂરી આવશ્યક માર્ગદર્શન - સૂચના આપેલ જે હોદ્દેદારો - કમીટી સભ્યો અને કાર્યકરોનો ઉત્સાહ અનેરો જોવા મળેલ. કાયમી પ્રેરકદાતા પરિવારના માતુશ્રી શાંતાબેન બુટાલાલ હુકમચંદ શાહ પરિવારના શ્રીમતી રેખાબેન ચંદ્રકાંતભાઈ શાહ તથા સુપુત્ર શ્રી વિમલભાઈ અને વીણાબેન પરિમલ દોશી આવેલ હતા. તેમજ શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવારના સભ્યોમાંથી ન આવી શકેલ જે પરિવાર વતી શ્રીમતી ભામિનીબેન

દિલીપભાઈ શાહ ઉપસ્થિત રહેલ તેમનું શાલ - મોતીમાળા - તિલકથી બહુમાન I.P.P. શ્રી અરવિંદભાઈ કે. શાહે કરેલ જમણવારના કાયમી પ્રેરકદાતા પરિવાર શ્રીમતી મનહરબેન કિરીટભાઈ રતનશી શાહ પરિવારના શ્રી કિરીટભાઈ શાહ નાદુરસ્ત તબીયતના કારણે ઉપસ્થિત રહેલ ન હતા. ઉપરોક્ત દાતાઓનું ઉચિત બહુમાન કરી દરેકે તાળીઓથી વધાવેલ. પ્રતિસાદમાં સમૂહલગ્નમાં જોડાયેલા નવદંપતીને શુભેચ્છા - આર્શીવચન આપેલ. તેમજ પરિવારને જોડાવા બદલ અભિનંદન આપેલ.

એક બાજુ લગ્નવિધી ચાલી રહી હતી. તો બીજી બાજુ ખજાનચી શ્રી ગીરીશભાઈ શાહ, સહખજાનચી શ્રી કેતનભાઈ શાહ, કન્વીનર શ્રી વિપુલભાઈ બગડીયા, બોરીવલી મંડળના કમીટી સભ્યો લગ્નમંડપ અને ભોજન મંડપની વ્યવસ્થા મલાડ મંડળ કમીટીના સભ્યો તેમજ કરિયાવર ડિસ્પલે કાઉન્ટરની ખૂબજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. દાતાઓ તથા આમંત્રિત મહેમાનો અને હોદ્દેદારોની ભોજનની વ્યવસ્થા કાંદીવલી મંડળનાં સભ્યોએ સંભાળેલ હતી.

લગ્નવિધિ મંત્રોચ્ચાર સાથે રવી મહારાજ તથા સાથે રહેલ ગોર મહારાજે સંભાળી રહ્યા હતા. ખરેખર એવા સુંદર અને અદ્‌ભૂત વાતાવરણમાં હતું કે કોઈને એમ ન લાગે કે અમો સમૂહલગ્નમાં જોડાયા છીએ. તે રીતે ઉત્સાહ અને ઉમંગથી બધી જ વિધિ ચાલી રહી હતી અને કોડીલી કન્યાઓના માતા-પિતાએ સજળ નયને હરખનાં આંસુ સાથે કન્યાદાન કર્યું હતું. હસ્તમેળાપ થતા અને મંગળફેરાની વિધી પૂર્ણ થતા પ્રેરકદાતા દાતા અને સંઘપ્રમુખ શ્રી નવદંપતીને આર્શીવાદ આપી ભેટ કવર આપેલ.

પ્રમુખશ્રીએ કાર્યકર્તાઓની સેવાઓને બિરદાવી હતી. ત્યારબાદ ખજાનચી શ્રી ગીરીશભાઈએ સમૂહલગ્નની પ્રથાની શરૂઆતથી આજ દિવસ સુધીની યાત્રાની વિગતો રજૂ કરેલ. તેમજ શ્રી સંઘ પ્રમુખશ્રીએ સંઘ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તીઓ બાબતેની પાલીતાણા યાત્રિકભવનના બ્લોક આધુનિક બનાવવા બાબત સવિસ્તાર માહિતી આપવામાં આવેલ.

સંપૂર્ણ બહુમાન સમારંભના સંચાલનમાં મંત્રી શ્રી મુકેશભાઈ શાહે સાથ આપેલ હતો. આ પ્રસંગે આભારવિધી સમૂહ લગ્ન વ્યવસ્થા કમીટીના તરવૈયા યુવા કન્વીનર શ્રી વિપુલભાઈ બગડીયાએ કરેલ. તેઓએ દરેક કાર્યકર્તાઓનો આભાર માનવાની સાથે સાથ ખાસ કરીને સમૂહ લગ્ન કમિટી સભ્યોએ કરેલ પ્રશંસનીય કામ ઝાલાવાડ મંડળ મલાડ-કાંદિવલી અને બોરીવલીના કાર્યકર્તાઓએ લગ્નવિધી, જમણવાર, દાતા - આમંત્રિત મહેમાનો જમણવાર - કરિયાવર ડીસ્પલે કાઉન્ટર ઉપર આપેલ સેવાઓ બદલ અંતરના ઉમળકાથી આભાર માન્યો હતો. આ પ્રસંગે કરિયાવર ભેટમાં આપેલ પ્રેઝન્ટ અને રકમ સમાજના પરિવારોએ ઉદારતાથી આપેલ. જેનાથી રૂા.૮૧ હજારનો કરિયાવર શ્રી સંઘ તરફથી આપવામાં આવેલ હતા. બપોરના જાન વિદાય પહેલા સૌ મહેમાનો માટે ચહા-કોફીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ખાસ દહિસર વિભાગનાં નગરસેવક શ્રી ઓઝા તથા શ્રી મનીષા ચૌધરી અને મીરારોડનાં નગરસેવક શ્રીમતી વસાણી, શ્રી સંજયભાઈ શાહનાં સુપુત્રનાં લગ્નમાં હાજરી આપેલ તેઓશ્રીનું ઉચિત બહુમાન શ્રી ગિરિશભાઈ શાહ તથા શ્રી વિપુલભાઈ બગડીયાએ કરેલ હતું.

સમૂહ લગ્નના માંડવે પ્રભુતામાં પગલા પાડતા નવદંપતિઓ :- **ચિ.ચિરાગ રમેશભાઈ પારખીયા - ચિ.ઈશા હિતેન્દ્રભાઈ બાવીશી, ચિ.પ્રતિક સંજયભાઈ શાહ - ચિ. પ્રિયંકા દિનેશભાઈ શાહ**

**૮૫મા સમુહ લગ્ન તા.૨૨-૧૨-૨૦૨૪માં ઉપસ્થિત રહેલા હોદ્દેદારો અને કમીટીના સભ્યો**

શ્રી દિલીપભાઈ કે. શાહ, શ્રી અરવિંદભાઈ કે. શાહ, શ્રી હર્ષદભાઈ ડી. શાહ, શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, શ્રી મુકેશભાઈ યુ. શાહ શ્રી દીપકભાઈ જી. ગાંધી, શ્રી ગિરિશભાઈ કે. શાહ, શ્રી વિપુલભાઈ પી. બગડીયા, શ્રી ધીરૂભાઈ આર. સંઘવી, શ્રી હરનીશભાઈ એમ. શાહ

**મલાડ મંડળ :** શ્રી કેતનભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી બંકિમભાઈ માથુકીયા, શ્રી હિતેનભાઈ માથુકીયા, શ્રી કિશોરભાઈ શાહ, શ્રી બિપીનભાઈ મઠીયા, શ્રી જીજ્ઞેશભાઈ શાહ, શ્રી ડિમ્પલભાઈ શાહ, શ્રી નિલેશભાઈ શાહ.

**બોરીવલી મંડળ :** શ્રી કૌશિકભાઈ પરીખ, શ્રી જયેશભાઈ ગાંધી, શ્રી દિનેશભાઈ બારભાયા, શ્રી રૂપેશભાઈ શાહ, શ્રી નરેશભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીજ્ઞેશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી મેહુલભાઈ મહેતા.

**કાંદીવલી મંડળ :** શ્રી ધર્મેશભાઈ શાહ (લાલુ), શ્રી જીતેન્દ્રભાઈ શાહ (ટીનુભાઈ), શ્રી દિપેશભાઈ બગડીયા, શ્રી મહેન્દ્રભાઈ બાવીશી.

શ્રી બિપીનભાઈ શાહ - ઘાટકોપર, શ્રી ધીરૂભાઈ કોઠારી - થાણા, શ્રી મેહુલભાઈ શાહ - મીરારોડ, શ્રી હરેશભાઈ એન. શાહ - અંધેરી

આ પ્રસંગે શ્રી હરનીશભાઈ મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ ઉપસ્થિત રહેલ અને શ્રી સમ્યક્‌જ્ઞાન ફાઉન્ડેશન હ.: શ્રીમતી ફાલ્ગુની હરનીશ શાહ દ્વારા બન્ને કન્યાઓને રૂા.૧૧,૦૦૦/- રૂા.૧૧,૦૦૦/- ના કવર ભેટરૂપે આપેલ. આ ઉદારદિલ અને ઉદાત ભાવના પરિવારના સમાજ માટે કેળવણી માટે ખાસ પ્રોત્સાહન આપે છે. છેલ્લા થોડા વર્ષોમાં જ તેમની જીવનશૈલી - ધર્મ પરાયણતા જોવા મળી છે. જરૂરિયાતમંદ પરિવારોને યુવાઓનો શૈક્ષણિક સહાય આપેલ છે. વિશેષ ગુણ એ છે કે 'ગુપ્તદાન' ખાનગીમાં મદદ કરવાની ભાવના ઘણી જ છે અને કેટલીક બાબતોમાં તો કોઈને વાત પણ નથી કરતા અનેમદદ પહોંચાડે છે. આવો ગુણ ઘણાંજ ઓછી લોકોમાં જોવા મળે છે. ધન્ય છે માતા-પિતા માતુશ્રી સરોજબેન મહેન્દ્રભાઈ વૃજલાલ શાહને જેમને ત્યાં આવા પુત્રરત્નનો જન્મ થયો છે.

# SHREE ZALAWAD JAIN SWETAMBER MURTIPUJAK FOUNDATION

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન-મુંબઈ

802 / 803, NEW INDIA HEIGHTS, 8 TH FLOOR, OLD POLICE LANE, OPP. RAILWAY STATION,
ANDHERI (EAST), MUMBAI - 400 069 - MOBILE : 93218 43452
**Email :** foundationzalawad@gmail.com
**Regd.No.** E-15403 Dt.6-12-1994 - 80G No.AACTS2441P20214 A.Y.2022-23 TO 2026-27

**: પ્રેરક દાતા :**

**સમાજરત્ન શ્રેષ્ઠીવર્ય શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પરિવાર**

**: સૌજન્યદાતા :**

**શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર**

**: આધારસ્તંભ :**

**સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ - શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ - શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**

## : ફાઉન્ડેશનના કાર્યરત સહાય વિભાગો :

## સાધર્મિક સહાય વિભાગો

| સહાય વિભાગો | મુખ્ય દાતાશ્રી | સહાયક દાતાશ્રી |
|---|---|---|
| સાધર્મિક સહાય વિભાગ | શ્રી શૈલેશભાઈ વિનુભાઈ ઉમેદચંદ શાહ | શ્રી મનીષભાઈ કિરીટભાઈ રતનશી શાહ |
| મની ઓર્ડર સહાય યોજના | માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ | શ્રી શરદભાઈ કિરીટભાઈ વ્રજલાલ બાબરિયા |
| ભગીની સહાય યોજના | શ્રીમતી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા | શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ મોહનલાલ શાહ |
| સ્વરોજગાર લોન સહાય યોજના | શ્રી પરાગભાઈ દિલીપભાઈ ખીમચંદ શાહ | શ્રી જયંતીલાલ - ભુપતભાઈ જીવણલાલ શેઠ |
| | **કેળવણી સહાય વિભાગો** | |
| કેળવણી સહાય વિભાગ | શ્રીમતી તારાબેન ધીરજલાલ મોહનલાલ શાહ | શ્રીમતી ઇન્દુમતીબેન જયંતભાઈ માધવલાલ શાહ |
| ટેકનીકલ કેળવણી સહાય યોજના | શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ | માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ પરિવાર |
| ઉચ્ચ (મેડીકલ) કેળવણી સહાય યોજના | શ્રીમતી અંજુલાબેન રમણીકલાલ ઉમેદચંદ શાહ | માતુશ્રી પુષ્પાબેન ચંદુલાલ મનસુખલાલ શાહ |
| | **મેડીકલ સહાય વિભાગો** | |
| તબીબી સહાય વિભાગ | શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ | સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ |
| મેડીક્લેમ સહાય યોજના | માતુશ્રી મંજુલાબેન ભાઈલાલ રતીલાલ શાહ | માતુશ્રી કમળાબેન કાન્તિલાલ મણીલાલ શાહ |
| મેડીકલ કેમોથેરાપી સહાય યોજના | શ્રી અશ્વિનભાઈ તારાચંદ પોપટલાલ શેઠ | શ્રીમતી મુક્તાબેન નવીનભાઈ અમૃતલાલ મણીયાર |
| મેડીકલ ડાયાલીસીસ સહાય યોજના | શ્રી યોગેન રંજનબેન રસિકલાલ પ્રેમચંદ શાહ | શ્રીમતી અનીલાબેન બટુકભાઈ પોપટલાલ શાહ |
| મેડીકલ કાર્ડિયાક સહાય યોજના | શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ | શ્રીમતી બકુલાબેન વિરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી |
| મેડીકલ કેન્સર કેર સહાય યોજના | શ્રીમતી શૈલાબેન જતીનભાઈ પટવા - હ. અતુલભાઈ નગીનદાસ સંઘવી | |

**ફાઉન્ડેશનને દાતા પરિવાર તરફથી મળેલ અનુદાનનો સહર્ષ સ્વીકાર સહ આભાર...**

**(તા.૧-૪-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪)**

(૧) આપણા ફાઉન્ડેશનના સૌજન્યદાતા પરિવારના શ્રી અનંતરાય શાંતિલાલ શાહ ના હસ્તે આપણી નવી ઓફીસનું ઉદઘાટન કરતાં પરિવાર તરફથી રૂા.૩,૫૦,૦૦૦/- નું અનુદાન કેળવણી ખાતે મળેલ છે.

(૨) આપણા ફાઉન્ડેશનના સ્વરોજગાર લોન યોજનાના સહાયક દાતા શ્રી જયંતીલાલ - ભુપતભાઈ જીવણલાલ શેઠ પરિવારના શ્રી જયંતીભાઈ જીવણલાલ શેઠે ફાઉન્ડેશન દ્વારા લેપટોપ વિતરણ પ્રસંગે હાજર રહ્યા હતા. ફાઉન્ડેશન દ્વારા જે સમાજ

ઉપયોગી કાર્યો થાય છે તેને લક્ષમાં રાખી રૂા.૩,૦૦,૦૦૦/- તેમના પરિવાર તરફથી કેળવણી ખાતે અનુદાન મળેલ છે.

(૩) આપણા ફાઉન્ડેશનના મેડીક્લેમ યોજનાના મુખ્યદાતા માતુશ્રી મંજુલાબેન ભાઈલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી સ્વ.વિશાલભાઈ સંજયભાઈ શાહના આત્મશ્રેયાર્થે શાહના આત્મશ્રેયાર્થે રૂા.૧,૧૧,૧૧૧/- મેડીક્લેમ યોજનામાં કાયમી ફંડ ખાતે અનુદાન મળેલ છે.

(૪) આપણા ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર તરફથી રૂ.૧,૦૦,૦૦૦/- કેળવણી ખાતે અનુદાન મળેલ છે.

(૫) શ્રીમતી દિપ્તીબેન પારસભાઈ શાહ પરિવાર તરફથી રૂા.૪૩,૦૦૦/- કેળવણી ખાતે અનુદાન મળેલ છે.

(૬) આપણા ફાઉન્ડેશનના ભગીની સહાય યોજનાના મુખ્યદાતા માતુશ્રી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા ના સુપુત્ર સ્વ. જતીનભાઈ ચંદુલાલ પટવા ના આત્મશ્રેયાર્થે ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટને રૂા.૩,૦૦,૦૦૦/- (વર્ષ ૨૦૨૫-૨૦૨૬-૨૦૨૭) ત્રણ વર્ષ માટે અનુદાન આપેલ છે.

**ખાસ અગત્યની સુચના :** મેડીક્લેમ પોલીસીની ડીટેઈલ આપણે ડીસેમ્બર' ૨૦૨૪ ની પત્રિકામાં છાપી હતી. પરંતુ કંપનીએ હવે આ ગ્રુપ પોલીસી માત્ર ૬૦ વર્ષ સુધીના વ્યક્તિ માટે જ આપવાનું નક્કી કર્યું છે. તેમજ પ્રીમીયમ પણ change કર્યા છે. નવી પ્રીમીયમની ડીટેઈલ પત્રિકા દ્વારા આપને જણાવવામાં આવશે.

---

## વાચકોને ખાસ નમ્ર વિનંતી

**આપણા શ્રી સંઘનાં ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં આપણાં સંઘ તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૮૦ થી ૧૦૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૪૫૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. આથી પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadjainsangh.org ઉપર જેમાં દર મહિનાની ૧૬ થી ૧૮ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે.**

**સંપર્ક : ૯૧૩૭૩૪૨૮૧૮ / ૯૮૬૯૦૪૦૧૫૦**

## કોરીયર યોજના

**ઉપરોક્ત સમસ્યાનો નિકાલ કરી સમાજના દરેક સભ્ય પરિવારોને ચોક્કસ સમયમાં પત્રિકા પહોંચાડવાના લક્ષ્ય સાથે શ્રી સંઘ દ્વારા ૨૦૨૨ થી કોરીયર દ્વારા મોકલવામાં આવે છે. જેનો ચાર્જ ૧૨૦૦/- ચાર વર્ષ માટે રાખવામાં આવેલ છે. આ રકમ શ્રી સંઘમાં આપવાની રહેશે. પત્રિકા દરેક માસની તા.૧૬ થી ૨૦ની વચ્ચે પહોંચી જશે, જે પરિવારોને દર મહિને અને સમયસર પત્રિકા પોસ્ટ દ્વારા નથી મળતી અને કોરીયર ચાર્જ આપશે તે સભ્ય પરિવારને સમયસર કોરીયરથી મોકલવામાં આવશે.**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ઘાટકોપર

ઉપરોકત મંડળ દ્વારા તા. ૨૪/૧૧/૨૪ રવિવાર નાં રોજ વાર્ષિક સ્નેહ મિલન સમારંભ માં તપસ્વી બહુમાન, ધાર્મિક પારિતોષિક,શૈક્ષણિક ઈનામ રાખવા માં આવેલ. રાકેશ ગોસ્વામી ઓરકેસ્ટ્રા (મહાદેવ આર્ટ મુંબઈ), નવકારશી તેમજ પ્રિતિભોજન રાખવામાં આવેલ. સવારે ૮.૦૦ કલાકે નવકારશી નો લાભ આપી સર્વ મેમ્બરો ઓડિટોરીયમ માં પહોંચી ગયેલ. મંત્રી શ્રી આશિતભાઈ પ્રિયકાંતભાઈ શાહ તેમજ ખજાનચી શ્રી જીગ્નેશભાઈ વાડીલાલ શાહે સર્વ મેમ્બરો ને આવકારેલ ત્યાર બાદ મે.ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા તેમજ પ્રમુખ શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ ત્થા દિપ પ્રાગ્ટય ના કાયમી દાતા સ્વ શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર તેમજ દિપ પ્રાગ્ટયના સહાયક દાતા શ્રી કીર્તીભાઈ કાંતીલાલ શાહ (બોટાદ) પરિવારે એ દિપ પ્રાગ્ટય કરેલ.

રાકેશ ગોસ્વામી એ નવકાર મંત્ર થી પ્રોગ્રામ ની શરૂઆત કરેલ ત્યારબાદ દિપ પ્રાગ્ટયના કાયમી દાતા સ્વ.શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર નું બુકે થી બહુમાન મંડળ દ્વારા મંડળ ના ઈલેકટ પ્રમુખ શ્રી વિરલભાઈ વી. શાહે કરેલ અને દિપ પ્રાગ્ટયના સહાયક દાતા શ્રી કીર્તીભાઈ કાંન્તીલાલ શાહ (બોટાદ) પરિવાર ના શ્રી મીતુલભાઈ નું બહુમાન બુકે થી મંડળ દ્વારા મંડળ ના ઉપપ્રમુખ શ્રી ડૉ. મયંકભાઈ એ. શાહે કરેલ.

ત્યારબાદ મંડળ ના પ્રમુખ શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખે આવેલ દરેક સભ્યો ને હૃદયપૂર્વક આવકાર આપેલ તેમણે જણાવેલ કે તા.૧૮/૮/૨૨ના કમીટીની મીટીંગમાં તેમને પ્રમુખ પદે બે વર્ષ માટે નિયુકત કરવામાં આવેલ ત્યારબાદ તા.૨૫/૮/૨૦૨૪માં બે વર્ષ માટે ફરી એક વખત સંપુર્ણ ટીમે તેમના પર વિશ્વાસ મુકીને બે વર્ષ માટે પ્રમુખ તરીકે નિયુકત કરેલ તે માટે તેમણે સંપુર્ણ કમીટી ત્થા સભ્યો નો આભાર માનેલ ગત બે વર્ષ માં સંસ્થા એ જે સભ્યો ને ગુમાવેલ છે. તેમને શ્રધાંજલિ આપેલ ત્થા તેમના પરિવાર માટે સહાનુભુતી વ્યકત કરેલ.

ગત બે વર્ષ માં વાર્ષિક કાર્યક્રમ ઉપરાંત ધાર્મિક શિક્ષણ પ્રોત્સાહન માટે ઈનામો માટે કાયમી ફંડ કરવામાં આવેલ જેમાં માતુશ્રી ઈલાબેન ડૉ. અનિલભાઈ શાહ અને વર્તમાન ના ઉપપ્રમુખ ડૉ. મયંકભાઈ શાહ એમણે સારી રકમનું અનુદાન આપીને કાયમી આદેશ લીધો છે. તે માટે આ પરિવાર ને ખાસ યાદ કરીને અભિનંદન આપેલ. આ સાથે સહાયક દાતા તરીકે આઠ પરિવારો એ જે લાભ લીધો છે. તેમને પણ અભિનંદન આપેલ આ રીતે ભવિષ્યમાં નવું કોઈ કાયમી ફંડ કરવાની વિચારણાં કરવામાં આવે તો સહકાર આપવા વિનંતી કરેલ.

બંન્ને વર્ષ દરમ્યાન મે. ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ વોરા અન્ય ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ, શ્રી વિકેશભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી પ્રમોદભાઈ, ત્થા તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ ત્થા ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ શાહ, સંસ્થા ના દરેક મંત્રી, ખજાનચી અને કમીટી સભ્યો નો સુંદર સાથ સહકાર મળેલ છે. તે માટે આભાર વ્યકત કરેલ સંઘના પદાધિકારીઓ એ પ્રસંગ પર પધારી મને પ્રોત્સાહીત કરેલ છે. તે માટે તેઓનો આભાર.

ગત બે વર્ષ માં સંસ્થા નું INVESTMENT વધુ મજબુત કરવાનો પ્રયત્ન કરેલ છે. આ પછીના બે વર્ષ માટે નવા સભ્યોને મંડળની કમીટી માં લેવામાં આવેલ છે. શ્રી મીતુલ કીર્તીભાઈ શાહ, શ્રી ચિરાગ પ્રફુલ્લભાઈ શાહ, શ્રી જયેશ ગીરધરલાલ કુવાડીયા ત્થા શ્રી સમીર કુમારપાળ શાહ જેથી ભવિષ્યની ટીમ વધુ મજબુત બની રહેશે. સંઘ લેવલ પર આ વર્ષે ધાર્મિક શિક્ષણ પ્રોત્સાહન ના અનુમોદના સ્વરૂપે તે માટેના ફંડના શ્રી સંઘે સ્વીકાર કરીને નવી શરૂઆત કરેલ છે.તે અત્યંત આનંદ અને અનુમોદના નો વિષય છે.

આપ સર્વે નો વર્ષ દરમ્યાન મળેલ સુંદર સાથ અને સહકાર માટે આભાર અને આજ રીતે આવતા વર્ષ માટે પણ આપ સર્વે નો આવોજ સાથ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા. ત્યારબાદ મે.ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ રતિલાલ વોરા એ બધાને આવકારેલ અને મંતવ્ય રજુ કરેલ.

ત્યારબાદ વાર્ષિક સ્નેહમિલન સમારંભના કાયમી દાતા તેમજ સહાયકદાતા તેમજ વાર્ષિક સ્નેહમિલન ના મનોરંજન કાર્યક્રમનાં કાયમી દાતા તેમજ સહાયક દાતા મંડળના મે.ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ રતિલાલ વોરાના પરિવારનું મંડળ દ્વારા બુકેથી બહુમાન મંડળના પ્રમુખ શ્રી કમલેશભાઈ પારેખે કરેલ.

ત્યારબાદ શ્રી રાકેશ ગોસ્વામી એ ઓરકેસ્ટ્રા ૯.૩૦ થી ૧૦.૩૦ રમઝટ બોલાવેલ ત્યારબાદ પ્રિતી ભોજન ના કાયમી મુખ્યદાતા અને સહાયક દાતા સમાજ ગૌરવ શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ પરિવારના શ્રી હરેનભાઈ, શ્રીમતી પ્રિતીબેન, શ્રી સાગરભાઈ, યેશાબેન, પરીધા નું બહુમાન મંડળ દ્વારા પ્રમુખ શ્રી કમલેશભાઈ પારેખે કરેલ.

ત્યારબાદ નવકારશી ના કાયમી દાતા તેમજ સહાયક દાતા માતુશ્રી લીલાબેન પદમશીભાઈ શાહ પરિવાર ના પરેશભાઈ નું બહુમાન મંડળ દ્વારા ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ પી.શાહે કરેલ.

ત્યારબાદ શૈક્ષણીક ઈનામ માં પ્રથમ ઈનામ નાં કાયમી દાતા તેમજ સહાયક દાતા શેઠ શ્રી પન્નાલાલ પ્રેમચંદ શાહ પરિવારનાં ઝુલાબેન, જીનલબેન, યેશા-સાગર, પરિધાનું મંડળ દ્વારા બુકેથી બહુમાન મંડળના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ સી. શાહે કરેલ. અને પ્રથમ ઈનામ નાં વિધાર્થી ને સર્ટીફીકેટ - કવર અને બુકે થી બહુમાન દાતા પરિવારે કરેલ. ત્યારબાદ તૃતિય ઈનામ

નાં કાયમી દાતા તેમજ સહાયક દાતા શેઠ શ્રી દુર્લભજી નાનચંદ બગડિયા ત્થા વંદુબેન જીવરાજ બગડિયા પરિવાર માંથી શ્રી યોગેશભાઈ બગડિયા નું મંડળ દ્વારા બુકેથી બહુમાન ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ શાહ અને મંત્રી શ્રી અરૂણભાઈ શાહે કરેલ. અને તૃતિય ઈનામ ના વિધાર્થી ને સર્ટીફીકેટ - કવર - બુકેથી બહુમાન દાતા પરિવારે કરેલ.

ત્યારબાદ દ્વિતિય ઈનામ નાં કાયમી દાતા તેમજ સહાયક દાતા માતુશ્રી સરોજબેન ચીનુભાઈ શાહ પરિવાર નું મંડળ દ્વારા બુકેથી બહુમાન શ્રીમતી સુનીલાબેન કમલેશભાઈ પારેખ તેમજ શ્રીમતી ઉમાબેન પંકજભાઈ શાહે કરેલ અને દ્વિતિય ઈનામ નાં વિધાર્થી નું બહુમાન સર્ટીફીકેટ - કવર - બુકેથી બહુમાન દાતા પરિવારે કરેલ.

ત્યારબાદ સ્નાતક - અનુસ્નાતકના કાયમી દાતા તેમજ સહાયક દાતા શેઠ શ્રી રતીભાઈ ઓધડભાઈ કોઠારી પરિવાર નાં શ્રીમતી જુલીબેન નેહલભાઈ કોઠારી નું મંડળ દ્વારા બુકેથી બહુમાન મંત્રી શ્રી આશિતભાઈ પી. શાહે કરેલ. દાતા પરિવારે દરેક વિધાર્થી ને સર્ટીફીકેટ - કવર - બુકેથી બહુમાન કરેલ વિષયવારના દાતા શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા એ વિષયવારના વિધાર્થી નું કવર - બુકેથી બહુમાન કરેલ.

ત્યારબાદ તપસ્યાનાં કાયમીદાતા તેમજ સહાયક દાતા માતુશ્રી સરોજબેન ચીનુભાઈ શાહ પરિવારનું મંડળ દ્વારા બુકેથી બહુમાન શ્રીમતી ગીતાબેન અરૂણભાઈ શાહ તેમજ શ્રીમતી મનાલીબેન આશિતભાઈ શાહે કરેલ. તપસ્વી માં ૬૧ ઉપવાસ ના શ્રીમતી શીતલબેન નીખીલભાઈ પટણી તેમજ ૩૦ ઉપવાસ નાં તપસ્વી શ્રીમતી શ્રુતીબેન પીયુષભાઈ શાહ ને શાલ અને કવર આપીને દાતા પરિવારે બહુમાન કરેલ તેમજ અન્ય દરેક તપસ્વીને કવર આપી બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ ફરીથી રાકેશ ગોસ્વામી ઓરકેસ્ટ્રા ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી એ રમઝટ મચાવી હતી. તેમના સુર સંગીત થી મેમ્બરો તરબોળ થઈ ગયા હતા.

ત્યારબાદ ધાર્મિક પારિતોષિક ના મુખ્ય દાતા માતુશ્રી ઈલાબેન ડૉ.અનીલભાઈ શાહ પરિવારનું મંડળ દ્વારા બુકેથી બહુમાન ટ્રસ્ટી શ્રી વિકેશભાઈ કે.શાહે કરેલ ધાર્મિક પારિતોષિક માં ૩૪ માં ધોરણની પરિક્ષા આપનાર શ્રીમતી પ્રિયાબેન જીતેનભાઈ શાહ અને હર્ષાબેન જયેશભાઈ શાહ ને સર્ટીફીકેટ અને કવર આપીને દાતા પરિવારે બહુમાન કરેલ. અન્ય દરેક વિધાર્થીને સર્ટીફીકેટ અને કવર આપી બહુમાન કરવામાં આવેલ.

ધાર્મિક પારિતોષિક ના આધારસ્તંભ ના દરેક દાતાનું મંડળ દ્વારા બુકે આપીને બહુમાન કરવામાં આવેલ. શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ નું બહુમાન બુકેથી મંડળ ના મંત્રી શ્રી પંકજ એસ.શાહે કરેલ. શ્રીમતી ગીતાબેન અરૂણભાઈ શાહનું બહુમાન બુકેથી મંડળ ના ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ વી.શાહે કરેલ. શ્રીમતી ભાવનાબેન દિનેશભાઈ શાહ પરિવાર માંથી શ્રીમતી પ્રિતીબેન જીજ્ઞેશભાઈ શાહનું બહુમાન બુકેથી મંડળ નાં ખજાનચી શ્રી નીમેશભાઈ એસ. શાહે કરેલ.

શ્રીમતી પૂર્ણીમાબેન લલીતભાઈ શાહ પરિવાર માં લલિતભાઈ શાહનું બુકેથી બહુમાન મંડળનાં કમીટી મેમ્બર શ્રી મયંકભાઈ પી.શાહે કરેલ. શ્રીમતી લતાબેન પ્રિયકાંતભાઈ શાહ પરિવાર નું બહુમાન બુકેથી મંડળના કમીટી મેમ્બર શ્રી હરેનભાઈ સી.શાહે કરેલ. શ્રીમતી સવિતાબેન ગુલાબચંદ પટણી પરિવારમાંથી શ્રી સુરેશભાઈ નું બહુમાન બુકેથી કમીટી મેમ્બર શ્રી પ્રિતેશભાઈ પી. શાહે કરેલ.

મંડળ ના ઓડીટર શ્રી દિવ્યેશભાઈ મહેતાનું બહુમાન બુકેથી મંડળના કમીટી મેમ્બર શ્રી જયેશભાઈ કુવાડિયા એ કરેલ. મીડ-ડે ના રીપોર્ટર શ્રી રોહિતભાઈ પરીખનું બુકેથી બહુમાન મંડળના કમીટી મેમ્બર શ્રી હિતેશભાઈ બાબુલાલ શાહે કરેલ. મહાદેવ આર્ટ ઓરકેસ્ટ્રા ના રાકેશભાઈ ગોસ્વામી નું બહુમાન બુકેથી મંડળના મંત્રી શ્રી પંકજ શાહે કરેલ.

ત્યારબાદ યુવક મંડળના પ્રમુખ શ્રી રૂષભભાઈ પરીખે સમેતશીખર યાત્રા પ્રવાસ વિશે જાણકારી આપેલ અને વર્ષ દરમ્યાન જે કાર્ય કર્યા તેની વિગત જણાવી હતી. ઘાટકોપર ઝાલાવાડ મંડળ ના મુરબ્બી શ્રી પ્રબોધભાઈ હરિલાલ શાહ નાં ૮૫ માં જન્મ દિવસ નીમીતે મંડળે બુકે આપી અને જન્મદિવસ ની શુભકામના આપી હતી.

ત્યારબાદ બહારથી પધારેલ મુંબઈ સંઘના પ્રમુખ શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહનું બહુમાન શાલ અને માળા થી મંડળના મે.ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા અને મંડળ પ્રમુખ શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખે કરેલ. અને શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહે મંડળને આર્શીવચન આપેલ. મુંબઈ સંઘના IPP શ્રી અરવિંદભાઈ કાંતીલાલ શાહ, મુંબઈ સંઘના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ, સંઘના ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહ, સંઘના મંત્રી શ્રી ભરતભાઈ નેમચંદ કુવાડિયા, સંઘના સહમંત્રી શ્રી મીતેશભાઈ સુભાષભાઈ શાહ, સંઘના ખજાનચી શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ, ફાઉન્ડેશનનાં મંત્રી શ્રી કેતનભાઇ અરવિંદભાઈ શાહ, મલાડ મંડળના પ્રમુખ શ્રી જીજ્ઞેશભાઈ વસંતલાલ શાહ, મલાડ મંડળના મંત્રી નિશીત એચ. વોરા, બોરીવલી મંડળના ટ્રસ્ટી શ્રી અનિલભાઈ વાડીલાલ ટોલીયા, બોરીવલી મંડળના ટ્રસ્ટી શ્રી કૌશીકભાઈ અમુલખભાઈ પરીખ તેમજ બોરીવલી મંડળના સેક્રેટરી શ્રી સંજયભાઈ મૂલચંદ શાહ, સુરેન્દ્રનગર થી વનરાજસીંહ રાણા ધારાસભ્ય ભાજપના મંત્રી, ZBF ના ચેરમેન શ્રી રાજીવભાઈ ગુણવંતલાલ શાહ, ZBF ના સેક્રેટરી શ્રી રાહુલભાઈ ધીરૂભાઈ સંઘવી સર્વે મહેમાનો નું બુકે થી બહુમાન ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી વિકેશભાઈ શાહ, અને મંત્રી શ્રી અરૂણભાઈ શાહે કરેલ અને દરેક નો આભાર માનવામાં આવેલ.

ત્યારબાદ ફરીથી એકવાર ૧૨.૦૦ કલાકે રાકેશ ગોસ્વામી ની રમઝટ ચાલુ થઈ હતી. મેમ્બરો ગરબા રમ્યા હતા બપોરે ૦૧.૦૦ કલાક સુધી આ રમઝટ ચાલી હતી. ત્યારબાદ સર્વે

મેમ્બર સ્વરૂચી ભોજન લઈ ને છુટા પડેલ હતા.

આભાર વિધી મંડળનાં મંત્રી શ્રી આશિતભાઈ શાહે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળનાં મંત્રી શ્રી આશિતભાઈ શાહ અને મંડળનાં ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ શાહે કરેલ. મંડળ તેમનો આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી

ઉપરોક્ત મંડળનો વાર્ષિક સ્નેહમિલન, તપસ્વી બહુમાન, શૈક્ષણિક ઈનામ વિતરણ, ધાર્મિક શિક્ષણ ઈનામ વિતરણ તેમજ સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ તા.૨૩-૦૨-૨૦૨૫ને મહા વદ ૧૦ના રોજ **૪૪મો સમારંભ** બોરીવલીથી વિરાર સુધીનાં સભ્યો માટે યોજવામાં આવેલ છે.

**સ્નેહ મિલન સ્થળ :-** શેઠ જી.એચ. હાઈસ્કુલ, મહાત્મા ગાંધી રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :-** શૈક્ષણિક ઈનામી વિતરણ, તપસ્વી બહુમાન, ધાર્મિક શિક્ષણ તેમજ સાંસ્કૃતિક મનોરંજનનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ વાગે શરૂ કરવામાં આવશે. તો દરેક સભ્યોએ સમયસર પધારવું.

**શૈક્ષણિક ઈનામ :-** (૧) ધોરણ ૧ થી ૯ સુધીના પાસ થયેલ વિદ્યાર્થીના આવેલ દરેક પરિણામ પત્રક મુજબ ઈનામ આપવામાં આવશે.

(૨) ધોરણ-૧૦ (એસ.એસ.સી.) માટે ૭૦% થી ઉપરની માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૩) ધોરણ-૧૧ થી હાયર એજ્યુકેશન માટે ૬૦% થી ઉપરની માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ તેમજ ડબલ ગ્રેજ્યુએટ માટે ૫૦% અને તેનાથી વધારે ટકાવાળી માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૫) વર્ષ-૨૦૨૪માં લેવાયેલ પરીક્ષાની માર્કશીટ જ લેવામાં આવશે.

(૬) દરેક વિદ્યાર્થીઓએ આપણા મંડળની વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. તથા તેની સાથે જરૂરી દસ્તાવેજ પણ અપલોડ કરવાનાં રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૦૨-૦૨-૨૦૨૫ સુધી અપલોડ કરી શકાશે.

**તપસ્વીનું બહુમાન :-** વર્ષ ૨૦૨૪નાં ચાતુર્માસ દરમ્યાન સળંગ છ (૬) ઉપવાસ અને તેનાથી વધારે ઉપવાસની તપશ્ચર્યા કરેલ તથા વર્ધમાન તપની ૫૦ અને તેનાથી ઉપરની ઓળી કરનાર તપસ્વીનું બહુમાન કરવામાં આવશે. દરેક તપસ્વીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫થી તા.૦૨-૦૨-૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે.

**ધાર્મિક શિક્ષણ :-** જે કોઈએ પણ ધાર્મિક પરીક્ષા વર્ષ ૨૦૨૪ દરમ્યાન આપી હોય અને તેનું સર્ટીફિકેટ હશે તેનેજ માન્ય ગણવામાં આવશે. તેમજ આ ફોર્મ પણ આપણા મંડળની વેબસાઈટ પર જઈ ને ભરવાનું રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૦૨-૦૨-૦-૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે.

**સમારંભનાં પાસ વિશે માહિતી :-** વાર્ષિક સમારંભનાં પાસનો નકરો રૂા.૫૦/- (પચાસ) વ્યક્તિદીઠ રાખવામાં આવેલ છે. પાસ મેળવવા માટે વિગતવાર કેન્દ્રોની માહિતી નીચે આપેલ છે. પાસ તા.૦૮-૦૨-૨૦૨૫ થી તા.૧૬-૦૨-૨૦૨૫ સુધી મેળવી લેવા વિનંતી.

**કેન્દ્રોની માહિતી :- (૧) બોરીવલી (વેસ્ટ)** - શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ બોરીવલી, કે-૨, મંગલકુંજ, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ), સમય : સોમ થી શનિ સાંજે ૬ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨. મો.: ૭૦૪૫૬૧૯૫૧૮

**(૨) બોરીવલી (ઈસ્ટ)** - શ્રી મેહુલ આર. મહેતા, એ-૪૦૨, અભિલાષા બિલ્ડીંગ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી (ઈસ્ટ), સમય : સોમથી શનિ રાત્રે ૮ થી ૯, રવિવારે સવારે ૧૧ થી ૧૨.૩૦. મો.: ૯૮૬૯૦૧૨૫૮૨

**(૩) દહીસર (ઈસ્ટ)** - શ્રી સંજયભાઈ એમ. શાહ, બી-૨૫, અમિત એપાર્ટમેન્ટ, લિંક રોડ, આનંદ નગરની પાછળ, દહીસર (ઈસ્ટ), સમય : સવારે ૯ થી ૧૧, મો.: ૯૩૨૪૭૬૦૪૯૮

**(૪) મીરારોડ (ઈસ્ટ)** - શ્રી સંજયભાઈ એમ. શાહ, એ/૭૦૨, ગંગોત્રી એપાર્ટમેન્ટ, શાંતી પાર્ક, સેંટ જોસેફ સ્કુલ લેન, મીરારોડ (ઈસ્ટ), સમય : ૬ થી ૯. મો.: ૯૯૨૦૩૮૭૬૭૮

**(૫) ભાયંદર** - મુકેશભાઈ યુ. શાહ, શ્રી ખીમચંદ છગનલાલ શાહ, માનવ સેવા ટ્રસ્ટ, સી-૧, તીર્થંકર દર્શન બિલ્ડીંગ, બાવન જીનાલય પાસે. સમય : સોમ થી શનિ સાંજે ૬ થી ૮, રવિવાર સવારે ૧૦ થી ૧૨

**(૬) વસઈ (વેસ્ટ)** - નિર્મલ આય કેર, દુકાન નં.૯, કે.ટી.નગર, ફેઝ-૧, શ્રેયસ હોસ્પિટલની સામે, સાંઈનગર, વસઈ (વેસ્ટ), સમય : સવારે ૧૧ થી ૧, સાંજે ૪.૩૦ થી ૮.૩૦ મો.: ૯૯૨૦૫૫૦૭૯૫

**(૭) નાલાસોપારા (ઈસ્ટ)** - શ્રી દિલીપભાઈ ટી. શાહ, એ-૧૨૦૨, ઈમ્પિરીયલ હેરીટેજ ટાવર, ઈન્ડસઈન્ડ બેંકની સામે, વસઈ-નાલાસોપારા લિંક રોડ, નાલાસોપારા (ઈસ્ટ) સમય : સાંજે ૭ થી ૧૦. મો.: ૯૮૨૦૨૭૦૬૯૩

**(૮) વિરાર (વેસ્ટ)** - રોનક એમ. શાહ, શાહ એન્ટરપ્રાઈસીસ, ઓફીસ નં.૧ અને ૨, ધ્રુમિ સોસાયટી, રાજીવ નગર, વિરાર (વેસ્ટ). સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. મો.: ૭૭૩૮૯૨૩૪૭૧

**ઈ ડીરેક્ટરી ગાઈડ લાઈન :-**

વેબસાઈટ : **http://zalawadmandalborivali.com**

(૧) વેબસાઈટ ઓપન કરીને ઈ-ડીરેક્ટરી ઉપર ક્લિક કરો.

(૨) તમારી રજીસ્ટર મોબાઈલ નંબર લખો અને પછી Text me પર ક્લીક કરો.

(૩) તમારા રજીસ્ટર્ડ મોબાઈલમાં OTP આવશે. તે OTP

નંબર લખવાથી ઈ-ડીરેક્ટરીનું પેઈજ ખુલશે.

(૪) મેમ્બર ઈન્ફો પર ક્લીક કરી તમારા નામનો બ્લોક ખોલો પછી તપસ્વી ફોર્મ, એજ્યુકેશન ફોર્મ તથા ધાર્મિક શિક્ષણનાં ફોર્મ ભરી શકશો.

(૫) ઓનલાઈન જાણકારી માટે શ્રી કેતનભાઈ મો. ૯૩૨૪૬૩૧૭૫૬ અને શ્રી મિતેશભાઈ મો. ૯૮૨૦૮૯૯૨૩૯ પાસેથી મેળવવા વિનંતી.

**E-Directory Updation Guideline -**

આપણા મંડળનાં વિસ્તારની ઈ-ડીરેક્ટરી બનાવેલ છે. તો એમાં નામ, સરનામું, મો.નં., ઈ-મેઈલ (Name, Address, Email, Mo. No.) કોઈપણ ચેન્જ હોય તો આપણા વિસ્તારના કમીટી મેમ્બર પાસે લીસ્ટ રાખેલ છે. તો કોઈપણ ફેરફાર હોય તો આપ સમારંભના પાસ લેવા જાવ ત્યારે અપડેટ કરવી લેવા વિનંતી.

મંડળના સભ્યો અને મેમ્બરો માટે 'સાંસ્કૃતિક કાર્યક્રમ' જેવા કે ડાન્સ, ગીત, મીમીક્રી, એકાંકી નાટક, મ્યુઝીક વગેરે મનોરંજક કાર્યક્રમ (Per Entry maximum time 4 minutes) રાખવાનું નક્કી કરેલ છે. જે ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે નીચે જણાવેલ સભ્યનો સંપર્ક કરવો. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

અનીલભાઈ ટોલીયા - ૯૩૨૨૨૫૩૫૪૫

જીગ્નાબેન અમીતભાઈ શેઠ - ૯૦૦૪૦૪૧૪૩૦

મોક્ષા અંકીત શાહ - ૯૬૧૯૯૯૧૬૯૯.

❖ જે બાળકો પાઠશાળામાં જાય છે. અને જેમની ઉંમર ૧૫ વર્ષ સુધીની છે. અને ધાર્મિક શિક્ષણની પરીક્ષા ન આપી હોય તેવાં બાળકોનું પણ મંડળ દ્વારા બહુમાન કરવામાં આવશે. પણ તે બાળકોએ પાઠશાળાનાં શિક્ષક પાસેથી પ્રમાણપત્ર ઉપર પોતાનું નામ, જન્મતારીખ અને હાલમાં ક્યા સૂત્રોનો અભ્યાસ કરી છે. તે લખાવીને પ્રમાણપત્ર આપણાં મંડળની વેબસાઈટ ઉપર અપલોડ કરવાનું રહેશે.

❖ આનંદ સાથે જણાવવાનું કે મંડળ દ્વારા આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૪માં આપણાં પરિવારનાં જે પણ ભાઈ/બહેનોએ જેમની ઉંમર ૩૫ વર્ષથી નીચે હોય અને સ્પોર્ટ્સમાં ભાગ લીધો હોય અથવા ઈન્ટર સ્કુલ, સ્ટેટ લેવલ અથવા નેશનલ લેવલ ઉપર જેમણે પણ ભાગ લીધો હોય અને સર્ટીફિકેટ મેળવેલ હોય તેમનું મંડળ દ્વારા બહુમાન કરવામાં આવશે. સ્પોર્ટ્સનાં સર્ટીફીકેટની કોપી આપણાં મંડળની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે.

❖ આપણાં ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈમાં જે પણ ભાઈ અથવા બહેનોનું દિક્ષાનું મુર્હત નીકળી ગયું હોય અને ભવિષ્યમાં પણ જે ભાગ્યશાળી ભાઈ-બહેનો વિરતી ધર્મ અંગીકાર કરવાનાં હોય એની જાણ અમને એટલે શ્રી બોરીવલી ઝાલાવાડ મંડળને કરે તો મંડળને તેમનાં બહુમાન કરવાનો અવસર મળી શકે.

❖ દર વર્ષ પ્રમાણે આ કાર્યક્રમમાં પણ રક્તદાન શિબિર (બ્લડ ડોનેશન કેમ્પ) રાખવામાં આવેલ છે. જે માટે ૧૮ વર્ષથી ઉપરના દરેક સભ્યો રક્તદાન આપી શકશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - વિલેપારલા

આપને જણાવતાં ખૂબજ આનંદ થાય છે કે ધર્માનુરાગી ભાવિકોની લાગણીને માન આપીને વિલેપારલા મંડળના યશસ્વીપૂર્ણ ૪૪મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે પાંચ રાત્રિ - ચાર દિવસીય યાત્રા પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપને પરિવાર સાથે સહભાગી થવા ભાવભીનું આમંત્રણ છે. સેવા પૂજા દર્શન વંદનની આરાધના શ્રી મોહનખેડા - માંડવગઢ - નાગેશ્વર - મક્ષીજી - ભોપાવર તીર્થ યાત્રા પ્રવાસ

કાયમી વાર્ષિક યાત્રા પ્રવાસના પ્રેરક દાતા :

લીંબડી નિવાસી માતુશ્રી પ્રભાવતીબેન નગીનદાસ શાહ પરિવાર હ. શ્રીમતી વર્ષા કુમારભાઈ શાહ, હ.: વિશાલ - શ્વેતા - રાજ.

ધ્રાંગધ્રા નિવાસી માતુશ્રી મંગળાબેન રસીકલાલ તારાચંદ શાહ પરિવાર હ.અશ્વીન-સ્વાતિ, નિતીન-સંગીતા, અમીત-નિશીતા.

ચુડા નિવાસી માતુશ્રી સવિતાબેન ત્રિકમલાલ શાહ પરિવાર હ. શ્રીમતી અમીતા નિતીન શાહ.

**પ્રસ્થાન :** જયપુર સુપરફાસ્ટ એક્ષપ્રેસ ટ્રેન દ્વારા તા. ૫-૩-૨૦૨૫ બુધવાર સાંજે ૭-૦૦ વાગે

**આગમન :** અવંતિકા એક્ષપ્રેસ ટ્રેન દ્વારા તા. ૧૦-૩-૨૦૨૫ ના સોમવાર સવારે ૬-૪૦ વાગે

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ

**(સાયન-માટુંગા- દાદર-વડાલા-ચુનાભઠ્ઠી)**

પ્રમુખ શ્રીમતી પલ્લવીબેન ગાંધી તથા દરેક કમીટી બહેનો હૃદયના ભાવ સાથે મિચ્છમિ દુક્કડમ્ પાઠવીએ છીએ. અને સાથે નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ છીએ.

તા.૩-૬-૨૪ : શ્રી મુકેશભાઈ શાહના આત્મશ્રેયાર્થે, પંચકલ્યાણક પૂજા ભણાવી રૂા.૧૭૦/-ની પ્રભાવના તથા રૂા.૫૦૦૦/- મંડળને ભેટ.

તા.૧૪-૬-૨૪ : શ્રીમતી રેખાબેન શેઠ તથા શ્રીમતી ચંદ્રાબેન તરૂણભાઈ સ્નાત્ર ભણાવી રૂા.૪૦/-ની પ્રભાવના તથા રૂા.૫૦૦/- મંડળને ભેટ.

તા.૮-૭-૨૪ : શ્રીમતી ચારૂબેન બાવીસી તથા શ્રીમતી કિરણબેન શાહ સ્નાત્ર ભણાવી રૂા.૪૦/-ની પ્રભાવના તથા રૂા.૫૦૦/- મંડળને ભેટ.

તા.૭-૮-૨૪ : શ્રીમતી મીતાબેન શાહ તથા શ્રીમતી અરૂણાબેન શાહ સ્નાત્ર ભણાવી રૂા.૪૦/-ની પ્રભાવના તથા રૂા.૫૦૦/- મંડળને ભેટ.

તા.૧૩-૯-૨૪ : શ્રીમતી મન્નાબેન શાહ તથા તારાબેન દોશી સ્નાત્ર ભણાવી રૂા.૪૦/-ની પ્રભાવના તથા રૂા.૫૦૦/- મંડળને ભેટ.

તા.૮-૧૦-૨૪ : શ્રીમતી પલ્લવીબેન ગાંધી તથા શ્રીમતી ઉષાબેન બીપીન શાહ સ્નાત્ર ભણાવી રૂ૫૦/-ની પ્રભાવના તથા રૂ.૧૦૦૦/- મંડળને ભેટ.

કારતક સુદ ૬ : શ્રીમતી દામિનીબેન તથા શ્રીમતી સ્નેહલતાબેન કાંટાવાળા સ્નાત્ર ભણાવી રૂ.૪૦/-ની પ્રભાવના તથા રૂ.૫૦૦/- મંડળને ભેટ.

તા.૧૨-૧૧-૨૪ : શીલ્પાબેન મનોજભાઈ શાહે વેદનીય કર્મ નિવારણ પૂજા ભણાવી મંડળને રૂ.૧૦૦૦/- ભેટ આપેલ છે.

શ્રીમતી નીતાબેન પ્રતાપરાય શેઠે શૈત્રુંજય તપ નિમિત્તે રૂ.૧૧૦૦/- મંડળને ભેટ. મંડળ સર્વે લાભાર્થી બહેનોનો ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલા મંડળ-ગોરેગામ

શ્રી ઝાલાવાડ મહિલા મંડળનો ૨૮૪મો પ્રોગ્રામ ગરબા-દાંડિયા રાસનો તા.૭-૧૦-૨૪ના રાખેલ તે પ્રોગ્રામ માય ટોપ જંગલ રાજ હોટલની બાજુમાં ગોરેગામમાં રાખેલ.

બપોરના ૩ થી ૬.૩૦ મેમ્બર બેનો સજી ધજીને આવ્યા હતા. સૌપ્રથમ બધી બેનો એ માતાજીની આરતી ઉતારી પ્રસાદનો થાળ ચઢાવવામાં આવ્યો પછી બધી બેનોએ ગરબા રમ્યા.

બધા મેમ્બર બેનોએ ઓઢણીનો સાફો બનાવીને શ્રીમતી યોગીતાબેને પહેરાવ્યો. બધી બેનો ખુબ જ સુંદર શોભી રહી હતી. પછી ફોટા પાડયા. અને પછી થોડીવાર દાંડિયા રમ્યા પછી નાસ્તા અને ઠંડા પીણાની મજા માણી હતી.

બધા મેમ્બરોને મંડળ તરફથી શુભ-લાભની ડેકોરેટિવ ગિફ્ટ આપી હતી. મંડળ સૌ મેમ્બરોનો આભાર માને છે.

ગોરેગામ ઝાલાવાડ મહિલા મંડળનો ૨૮૫મો અવિરત કાર્યક્રમ તા.૨૮-૧૧-૨૪ના રોજ ''મોર્નિંગ બ્રેકફાસ્ટ'' હોટલ સાઈ વેજ ફુડ વર્લ્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી ભારતીબેન દેસાઈએ નવકારમંત્રનું પઠન કરી દિવાળી પછીના પ્રથમ કાર્યક્રમમાં નૂતન વર્ષના વધામણાના અભિનંદન આપ્યા હતા.

સર્વ બહેનોને અનલિમિટેડ બ્રેકફાસ્ટ સાથે ચહા અને કોફી સર્વ કરવામાં આવેલ. લગભગ પંદરેક જેટલી વાનગીઓ પીરસવામાં આવી હતી. જેમાં ઈડલી, મેંદુવડા, ઢોસા, ચટણી, સંભાર, ઉપમા, પૌંવા, શીરો, સફેદ ઢોકળા, ખમણ ઢોકળા, દહીંવડી, ઉસળ-પાવ, જલેબી, ફાફડા છેલ્લે ડેઝર્ટ તરીકે મિક્સ ફ્રુટ સર્વ કરવામાં આવ્યું હતું. બ્રેકફાસ્ટની લિજ્જત માણી સર્વ બહેનો ખૂબજ ખુશ થયા હતા.

યોગિતાબેનની સમ્મેત શિખરજીની તેમની સફળ યાત્રા નિમિત્તે રૂ.૨૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી.

આજનો કાર્યક્રમ મહિલા મંડળ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો હતો. કમીટી મેમ્બર્સ અને પધારેલ સર્વ મેમ્બર્સનો આભાર માનવામાં આવેલ.

# હિસાબ શું રાખવો ..?

